**અમદાવાદ નાં ૫ મી મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**

**ક્રિમીનલ કેસ નં. 332/2024**

**આંક ૧ લગત** **આંક—**

**ફરીયાદીઃ—** ધી સ્ટેટ ઓફ ગુજરાત. **વિરુધ્ધ**

**આરોપીઃ—** 1) SAHEBAJ FAKRUDIN GHANCHI
Address - MAKHDUMNAGAR LINE NO 3 NEAR WATER TANK KACHA CHHAPRAMA VATVA AHMEDABAD

**એપીપી શ્રી પંચાલ** **આરોપી તર્ફે વિવ શ્રી .......................**
**ગુન્હો : ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ ૬૫(એ)(એ), ૧૧૬(૨) વિ.**

## ઠરાવ

૧). આ કામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી સંભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીઓની મુદામાલ કલેઈમ કરતા નથી તે પુરસીસ તથા ફરીયાદીનો રીપોર્ટ કે આરોપીઓ સામે અન્ય કોઈ ગુનો બહાર આવેલ નથી તે ધ્યાને લીધો.

૨). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ/પ્લી રજુ કરેલ છે જે ખુબ ગરીબ છે. તથા એક માત્ર કમાનાર હોઈ દંડ ભરવા મુદત આપવા સારુ તથા ઓછી સજા કરવા દયાની માંગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે અને કુટુંબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે. આ કામના ગુન્હાનું સ્વરૂપ લક્ષમાં લઈ તથા આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતો હોઈ નીચે મુજબનો હુકમ કરુ છું.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે **ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં. ૭૦૯)** આપેલ સમજુતિ મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :—

## હુકમ

આરોપીને ક્રીમીનલ પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ **ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ ૬૫(એ)(એ), ૧૧૬(૨) વિ.** ના ગુનામાં ગુન્હેગાર ઠરાવી દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેક આરોપીને **રૂા.૫૦/— પુરા અંકે રૂપીયા પચાસ પુરા** નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દીન—૨ ની સાદી કેદની સજા ફરમાવુ છું. કુલ દંડ **૫૦/—**

**કોર્ટ નંઃ ૫— મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ**
તા. ૦૯/૦૩/૨૦૨૪

**ડબલ્યુ આર મલીક**
મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સ્પેશ્યલ સીટીગ મેજી.
જીજે૦૧૧૪૪

ઠરાવ બાદ આરોપી ખુબ ગરીબ હોઈ તે ટીઆરસી માટે તૈયાર છે. પણ દંડ ભરવા મુદત માંગેલ છે. તેથી દંડ ભરવા મુદતઃ ૦૯/૦૩/૨૦૨૪ સુધી સમય આપેલ છે. તે દીવસે દંડ જમા લેવો. તથા કેસ નો નિકાલ કરવો. દંડ કલમ ૨૦૬ સીઆરપીસી મુજબ એડવોકેટ કે ઈષ્ટ મીત્ર ધ્વારા લઈ શકાશે.
ડબલ્યુ આર મલીક મેટ્રો મેજી.

વધુ હુકમઃ
**આજ સ્પેશીયલ સીટીગ માં દંડની રકમ ચુકતે થયેલ હોઈ આ કેસ નો નિકાલ ગણવો.**
આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તાઃ ૦૯/૦૩/૨૦૨૪
અમદાવાદ
PA:- SUMIT KOSHTI

ડબલ્યુ આર મલીક
મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૫ અમદાવાદ
સ્પે. સીટીગ મેજીસ્ટ્રેટ, જીજે૦૧૧૪૪